**જામનગર જિલ્લાના મહેરબાનશ્રી એડિશનલ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુકામ: જામનગર**

**ફોજદારી કેસ નં. ૩૬૧૦ /૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**<u>વિરૂઘ્ધ</u>**

**આરોપી :– ૧) રોહીત ઉર્ફે ગટુ જેન્તીભાઇ ચાવડા**
**૨) વિરલભાઇ ઉર્ફે પાવલી મુકુંદભાઇ પુંજાણી**
**૩) ક્રિપાલસિંહ વનરાજસિંહ રાણા**

**ગુનો :–** જુગાર ધારાની કલમ– ૧૨

**<u>–: ચુ કા દો :–</u>**

આરોપી સામે જુગાર ધારાની કલમ– ૧૨ મુજબના ગુન્હાનો આરોપ છે. આરોપીઓની ઉપરોકત મુજબની ચાર્જ–પ્લી લેતા આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો સ્વેચ્છીક સ્વીકાર કરેલ છે અને તેઓએ કબુલાત પુરશીસમાં જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે. આ ગુન્હા બદલ પ્રાયશ્ચિત વ્યકત કરે છે. ફરી આવો ગુંન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેઓ ગરીબ અને બાળ બચ્ચાવાળા હોય અને તેમના કુટુંબની જવાબદારી તેમના માથે હોય દયા રાખી હળવી શીંક્ષા કરવા વિનંતી કરેલી છે. આરોપીઓને ગુન્હાની સમજ આપવામાં આવેલ છે અને તેમ છતા આરોપીઓએ ગુન્હો કબુલ રાખેલ હોય તેની સ્વૈચ્છીક કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની ઉપરોકત રજુઆતોને ઘ્યાને લેતા તેમજ આરોપી ઉપર રહેલી અન્ય જવાબદારી તથા કુટુંબના ભરણપોષણની જવાબદારી ઘ્યાને લેતા જો આરોપીને વધુ સજા કરવામાં આવે તો તેની અસર તેના કુટુંબ ઉપર થાય તેમ છે. જેથી મજકુર હકીકત તેમજ આરોપીઓની સ્થીતી ગુન્હાની ગંભીરતા તથા નામદાર વડી અદાલતના ૨૦૦૫(૧) જી. એલ. આર. સ્ટેટ ઓફ ગુજરાત વી. નટવરજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિઘ્ધાં તોને ઘ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપીઓ **૧) રોહીત ઉર્ફે ગટુ જેન્તીભાઇ ચાવડા, ૨) વિરલભાઇ ઉર્ફે પાવલી મુકુંદભાઇ પુંજાણી,૩) ક્રિપાલસિંહ વનરાજસિંહ રાણા** ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૬૪ અન્વયે જુગાર ધારાની કલમ– ૧૨ અન્વયે ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦ ×૩ = **રૂા.૩૦૦/–(અંકે રૂપીયા ત્રણસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોઓપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો આરોપીઓએ દીન–૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે મુદામાલ પાવતી નં. ૬૦/૨૪ તા. ૧૫.૦૪.૨૦૨૪ માં જણાવેલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન જેના આઈ.એમ.ઈ.આઈ નં. ૩૫૯૪૪૮૦૯૦૦૧૫૪૩૭ તથા મુદામાલ પાવતી નં. ૬૪/૨૪ તા. ૧૬.૦૪.૨૦૨૪ એક ઓપો કંપનીનો લાલ કલર નો મોબાઈલ ફોન જેના આઈ.એમ.ઈ.આઈ નં. ૮૬૯ ૮૯૯૦૪૩૯૬૨૪ ને વચગાળાનો હુકમ કાયમ કરી શરતો રદ્દ કરવાનો અથવા માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ સ્પે. સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

**તા.૧૧/૦૭/૨૦૨૬**
**જામનગર.**
**લોક અદાલત–સ્પે. સીટીંગ**

**(કે. એમ. ભટ્ટ)**
**એડિશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જામનગર.(જીજે–૦૧૫૫૯)**

દંડ રજી. નં...............પહોંચ નં.............થી રૂા.૩૦૦/– અંકે રૂપીયા ત્રણસો પુરા જમા લીધા.